| GJJN070001302024 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૩/૦૨/૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૦૩/૦૨/૨૦૨૪ | | |
| | | ફેંસલ તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૨ | ૦૪ | ૧૭ |

**-:: નમૂનો-અ::-**

**આંક-**

| **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. માંગરોળ** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૭૨/૨૦૨૪ |
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩ તથા ૧૧૪ મુજબ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ગુના રજિ. નં. ૧૧૨૦૩૦૩૮૨૩૦૪૦૨/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસસ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપીપક્ષ | (૧) આશીફભાઈ ઉમરભાઈ ગીરનારી, ઉ.વ.-૨૪, ધંધો-મજૂરી<br>(૨) મરીયમબેન વા/ઓ ઉમરભાઈ આદમભાઈ ગીરનારી, ઉ.વ.-૪૮, ધંધો-ઘરકામ, બન્ને રહે. માંગરોળ ગદરમાં, અબરાર મસ્જીદની બાજુમાં, તા. માંગરોળ, જિ. જૂનાગઢ. |
| રજૂઆત | આરોપીઓ તરફે વિ.વ.શ્રી યુ. એમ. વન્ના |

**-:: નમૂનો - બ ::-**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૩ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૧/૧૦/૨૦૨૩ |
| ચાર્જશીટ રજુ કર્યાની તારીખ | ૦૩/૦૨/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૧૪/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | - |

## –:: આરોપીની વિગત ::–

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આશીફભાઈ ઉમરભાઈ ગીરનારી | ૨૭/૧૦/૨૦૨૩ | ૨૭/૧૦/૨૦૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩ તથા ૧૧૪ મુજબ | નિર્દોષ છોડ્યા | – | – |
| ૨ | મરીયમબેન વા/ઓ ઉમરભાઈ આદમભાઈ ગીરનારી | | | | | | |

## :: નમૂનો – ક ::

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદ પક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.પ.સા. | હાજરાબેન સુલેમાનભાઈ દેહકા | ફરિયાદી |
| ફ.પ.સા. | સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ દેહકા | શાહેદ |

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ

| **અનુ. નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૨૦ | ફરિયાદી હાજરાબેન સુલેમાનભાઈ દેહકાની જુબાની |
| ૨ | ૨૧ | અસલ ફરિયાદ |
| ૩ | ૨૨ | શાહેદ સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ દેહકાની જુબાની |
| ૪ | ૨૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૫ | ૨૪ | મેડિકલ સર્ટિફિકેટ |
| ૬ | ૨૫ | ક્લોઝિંગ પુરસીસ |

## –:: ચુ કા દો ::–

## (૧.) <u>કેસની ટુંકમાં હકીકત</u>:

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૨/૦૭/૨૦૦૨૩ ના કલાક–૧૮:૦૦ વાગ્યા પહેલાંથી અગાઉ આશરે દોઢેક વર્ષ સુધી માંગરોળ ગદરમાં અબરાબ મસ્જીદની બાજુમાં ફરિયાદીની સાસરીના ઘરે ફરિયાદીને ઘરકામ બાબતે મેણાંટોણાં મારી, શારીરીક માનસીક દુ:ખ–ત્રાસ આપી, તા.૦૨/૦૭/૨૦૨૩ ના રોજ સાંજના આશરે છ–સાત વાગ્યાના અરસામાં આરોપી નં–૧ એ ફરિયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી, ગુન્હો કરેલ હોય, જેના સંદર્ભમાં માંગરોળ **પો.સ્ટે** પોલીસ સ્ટેશનમાં ગુના રજિ. નં. ૧૧૨૦૩૦૩૮૨૩૦૪૦૨/૨૦૨૩થી નોંધવામાં આવેલી અને તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી, બનાવ બાબતે પંચનામું કરી, લાગતાં–વળગતાં શાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા નોંધાઈ આવતાં, અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલી છે.

## (૨.) <u>ન્યાયિક કાર્યવાહી:</u>

હાલના કામના આરોપી વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં, ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સમન્સ કાઢવામાં આવતાં, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. સી.આર.પી.સી. કલમ–૨૦૭ માં ઠરાવેલી જોગવાઇ અનુસાર આરોપીઓને તેઓને બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિના મુલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ગુન્હાની સમજ આપી, **આંક–૦૪**થી તહોમતનામું તથા **આંક–૦૫ થી ૦૬** લગત આરોપીઓનું નિવેદન નોંધતાં, તેની સામેનો ગુનાનો ઇનકાર કરેલ છે, જેથી સદરહુ અધિનિયમની કલમ–૨૪૨ મુજબ ફરિયાદપક્ષે નિવેદન નોંધી, ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩.) ત્યારબાદ ફરિયાદપક્ષના કેસની હકીકત તથા કેસના સંજોગો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.એ મૌખિક રીતે પુરાવો બંધ જાહેર કરતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઇ ન આવતાં, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરિયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષના વિ.વકીલશ્રની દલીલ સાંભળવામાં આવી.

ફરિયાદપક્ષના રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં, કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૨/૦૭/૨૦૦૨૩ ના કલાક–૧૮:૦૦ વાગ્યા પહેલાંથી અગાઉ આશરે દોઢેક વર્ષ સુધી માંગરોળ ગદરમાં અબરાબ મસ્જીદની બાજુમાં ફરિયાદીની સાસરીના ઘરે ફરિયાદીને ઘરકામ બાબતે મેણાંટોણાં મારી, શારીરીક માનસીક દુઃખ–ત્રાસ આપી, તા.૦૨/૦૭/૨૦૨૩ ના રોજ સાંજના આશરે છ–સાત વાગ્યાના અરસામાં આરોપી નં–૧ એ ફરિયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી, ગુન્હો કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩ તથા ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ ? |

ઉપરોક્ત મુદ્દાઓના આ અદાલતના મત મુજબ નિર્ણયો કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ. |

## **–: : કારણો : :–**

**મુદ્દા નં. :– ૧**

(૪.) ફોજદારી કાર્યરીતિ પ્રણાલી પ્રમાણે ફરિયાદપક્ષ તરફે આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાઓ હરકોઈ શંકાથી પર સાબિત કરવાનો હોય અને તે મુજબ આ જવાબદારી ફરિયાદપક્ષના શીરે છે. સાથોસાથ ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ની કલમ–૧૩૪ મુજબ શાહેદોનો જથ્થો મહત્ત્વનો નથી, પરંતુ શાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્ત્વની છે, જે પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લઇ, પુરાવાકીય મુલ્યાંકન આ મુજબ કરવામાં આવેલ છે.

આ કામે આરોપી વિરુદ્ધ ગુનો પુરવાર કરવા સારુ ફરિયાદપક્ષ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ઉપર નોંધ્યા, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

(૫.) ફરિયાદપક્ષ તફે **ફરિયાદી હાજરાબેન સુલેમાનભાઈ દેહકાને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે,** તેમાં તેઓએ જણાવેલ છે કે, તેણીના લગ્ન આરોપી નં.૧ સાથે પાંચેક વર્ષ અગાઉ થયેલા અને તેણીને આરોપીઓ સાથે ઘર કામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને તેણીને આરોપીઓએ શારીરીક માનસીક દુ:ખત્રાસ આપેલ હોય અને તેણીને મારઝુડ કરેલ હોય, તેવું બનેલ નથી. તેણીને લાગી આવતા, તેણીએ ફરિયાદ આપેલી. તેણીને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે, જેમાં તેણીની સહી છે, જે ઓળખી બતાવી, આંક–૨૧ થી રજૂ છે.

ત્યારબાદ ફરિયાદીએ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર ફરિયાદીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદીની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સીવાય બીજું કાંઈ બનેલ નથી. આરોપીઓ સાથે તેણીને ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ.

આરોપીઓએ તેણીને શારીરિક માનસિક દુ:ખ–ત્રાસ આપેલ હોય કે તેણીને મારઝુડ કરેલ હોય, તેવું બનેલ નથી. આરોપી નં. ૧ સાથે તેણીને સામાજીક રીતે છુટાછેડા થઇ ગયેલ છે તેમજ આરોપીઓ સાથે તેણીને હવે કોઇ મનદુ:ખ નથી.

(૬.) ફરિયાદપક્ષ તરફે **શાહેદ સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ દેહકાને આંક–૨૨થી તપાસવામાં આવેલ છે,** જેમાં તેઓએ જણાવેલ છે કે, તેમની દિકરીના લગ્ન આ કામના આરોપી નં. ૧ સાથે પાંચેક વર્ષ અગાઉ થયેલા અને તેને આરોપીઓ સાથે ઘર કામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને તેને આરોપીઓએ કોઇ શારીરીક માનસીક દુ:ખત્રાસ આપેલ હોય અને મારઝુડ કરેલ હોય તેવું બનેલ નથી. તેને લાગી આવતા, ફરિયાદ આપેલી. પોલીસે તેમનું નિવેદન લીધેલું. આરોપીઓને ઓળખે છે. જેઓ હાજર છે.

ત્યારબાદ ફરિયાદીએ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર ફરિયાદીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદીની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

આરોપીઓ સાથે તેમની દિકરીને સામાન્ય બોલાચાલી સીવાય બીજું કાંઈ બનેલ નથી. આરોપીઓ સાથે તેમની દિકરીને ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. આરોપીઓએ તેમની દિકરીને શારીરીક માનસીક દુ:ખ–ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીને મારઝુડ કરેલ હોય, તેવું બનેલ નથી. આરોપી નં. ૧ સાથે તેમની દિકરીને સામાજીક રીતે છુટાછેડા થઇ ગયેલ છે તેમજ આરોપી સાથે તેમની દિકરીને હવે કોઇ મનદુ:ખ નથી.

(૭.) વધુમાં, હાલના કામે આંક–૨૩થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે, જેને બચાવપક્ષની સહમતિથી આંકે પાડી, પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. પરંતુ, હાલના કામે જ્યારે ફરિયાદી ફરિયાદપક્ષના

કેસને સમર્થન કરેલ ન હોય, તેમજ સદરહુ દસ્તાવેજી પુરાવાઓને કોઇ શાહેદના મૌખિક પુરાવાથી સમર્થન મળેલ ન હોય ત્યારે માત્ર સદરહુ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખી, આરોપીઓને ગુના સાંથે સાંકળી, તકસીરવાર ઠરાવી શકાય નહિ.

(૮.) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા તથા કેસના સંજોગો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કામે રજૂ સમગ્ર પુરાવો તેમજ કાયદાકીય કલમો મુજબના આવશ્યક તત્ત્વો સંતોષાતા ન હોય તેમજ તે મુજબનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવામાં આવે તો, ફરિયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે. ફરિયાદપક્ષે રજૂ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, બેનિફિટ ઓફ ડાઉટ આરોપીને જાય તેમ છે, જેથી પ્રબંધો જોતાં, જ્યારે ફરિયાદપક્ષ પોતાના સાક્ષી પુરાવાથી કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબિત કરવામાં સફળ ન રહે તો આનો લાભ આરોપીને આપવાનું અત્રેની અદાલતને વાજબી અને ન્યાયી જણાય છે. જ્યારે કોઈ કેસમાં શંકા ઉદ્ભવે ત્યારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં, જેથી ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧.) આ કામના આરોપીઓ: (૧) **આશીફભાઈ ઉમરભાઈ ગીરનારી,** ઉ.વ.–૨૪, ધંધો–મજૂરી અને (૨) **મરીયમબેન વા/ઓ ઉમરભાઈ આદમભાઈ ગીરનારી,** ઉ.વ.–૪૮, ધંધો–ઘરકામ, બન્ને રહે. માંગરોળ

ગદરમાં, અબરાર મસ્જીદની બાજુમાં, તા. માંગરોળ, જિ. જૂનાગઢનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ- ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩ તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨.) આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ -૪૩૭ (એ) મુજબ આરોપીએ અગાઉ રજૂ કરેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો આજરોજ તારીખ- ૨૦મી, માહે-જુન, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, મારી સહી-સિક્કો કરી, જાહેર કર્યો.**

**માંગરોળ,**
**તારીખ. ૨૦/૦૬/૨૦૨૬**

**(આનંદ એમ. મહેતા)**
**જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ**
**માંગરોળ**
**કોડ નં - જીજે ૦૧૬૭૩**